# પોલીસના વર્તનની શિક્ષક-વિદ્યાર્થી પર થતી નકારાત્મક અસર

કાગડાપીઠ પોલીસ સ્ટેશન. તારીખ બાવીસમી નવેમ્બર-૨૦૦૯. રાત્રે નવ વાગે એક શિક્ષક પોતાના અઠયાવીસ હજારની કિંમત ધરાવતા અને અગત્યના ડેટાથી ભરપૂર મોબાઇલની ચોરી અંગે ફરિયાદ નોંધાવવા ગયા. ફરિયાદ ચોરીની ન લેતા ખોવાયાની નંબર ૬૨૦૮/૦૯ થી લીધી. આશ્વાસન મળ્યું કે શોધ કરવામાં આવશે. શિક્ષકને પોલીસ ડિપાર્ટમેન્ટમાં સારી ઓળખાણ હતી. બીજા જ દિવસે કાગડાપીઠના ભૂતપૂર્વ પી.આઇ.ને વાત કરી. પી.આઇ.એ રૂબરૂ જઇને પોલીસ સ્ટેશનમાં વાત કરી. બપોરના સમયે એક એસ.પી. સાહેબે ત્યાંના એ.સી.પી.ને ભલામણ કરી. વધુ આશ્વાસન મળ્યું. શિક્ષકે ફરિયાદની નકલ લઇને બી.એસ.એન.એલ.માં વાત કરી. બી.એસ.એન.એલ.માંથી માહિતી મળીકે તમારા મોબાઇલમાંથી સીમકાર્ડ કાઢીને ત્રણ વાર આટલા વાગે આટલા રૂપિયાની આ નંબર પર વાત કરવામાં આવી છે. એટલું જ નહીં સીમકાર્ડનો ઉપયોગ જે મોબાઇલમાં કરવામાં આવેલ તે મોબાઇલનો આઇ.એમ.ઇ.આઇ. નંબર પણ આપવામાં આવ્યો. શિક્ષક તો ખુશ થઇ ગયા. બીજા જ દિવસે શિક્ષકે પોતાના મોબાઇલનો અને અન્ય મોબાઇલ કે જેના પરથી ચોરી કરનારે વાત કરી હતી તે મોબાઇલનો એમ બંને મોબાઇલના આઇ.એમ.ઇ.આઇ. નંબર આપ્યા. તથા જે ત્રણ નંબર પર વાત કરેલ તે નંબર પણ આપ્યા. પોલીસે પ્રોમીસ આપીકે સાહેબ આટલી વિગત પરથી ચોર એકાદ દિવસમાં જ પકડાઇ જશે. શિક્ષક તો વધુ ખુશ થઇને પોતાના સ્ટાફ વર્તુળમાં પોલીસની સક્રિયતા, ઇમાનદારી અને આપેલા વચનના ગુણગાન ગાવા લાગ્યા. પણ બિચારા શિક્ષકને ક્યાં અનુભવ કે ખ્યાલ હતો કે આપેલા વચનો પોલા નીકળશે.

પોલીસને પૂરતી માહિતી આપ્યા પછી શિક્ષકે બે-ત્રણ દિવસ પછી પૂછપરછ કરી. તપાસ બાકી છે તેવો જવાબ મળ્યો. બીજા ચાર-પાંચ દિવસ ગયા. ફરી તે જ જવાબ. ત્યાર બાદ એક પી.આઇ., બે એસ.પી. સાહેબે ભલામણ કરીને સક્રિયતા રાખવા વિનંતી કરી. પરિણામ શૂન્ય. ત્યારબાદ ગાંધીનગરથી ગૃહખાતામાં ઉચ્ચ અધિકારી તરીકે ફરજ બજાવેલ અને અત્યારે નાયબ સચિવ તરીકે ફરજ બજાવતા અધિકારીએ કાગડાપીઠ પોલીસ સ્ટશન સાથે સંકળાયેલ ઉચ્ચ અધિકારી સાથે વાત કરી કે, પોલીસને જરૂરી માહિતી ફરિયાદીએ આપી છે. હકીકતમાં આ માહિતી પોલીસે મેળવીને તપાસ કરવી જોઇએ. છતાં તપાસ કેમ નહીં? પોલીસ અધિકારીએ આશ્વાસન આપ્યું, પણ તપાસમાં ઝીરો. ત્યારબાદ પરિચિત પોલીસ અધિકારીઓએ શિક્ષકને કહેલ વિધાનથી શિક્ષક હચમચી ગયા અને તે વિધાનથી આ લેખ વાંચનાર પણ કદાચ હચમચી જશે. પોલીસ અધિકારીઓએ કરેલ વિધાન આમ હતાં,“ સાહેબ, તમે વિચારો કે અમે પણ ભલામણ કરી, તમે પોલીસને પૂરતી માહિતી આપી, છતાં જવાબદાર પોલીસ કશું જ કરતી નથી, તો સાહેબ વિચારો કે સામાન્ય નાગરિકનું શું થતું હશે? આવા કેટલાક પોલીસ કર્મચારીઓને કારણે જ પોલીસ આલમ બદનામ થાય છે. ” ત્યારે શિક્ષકે ચિંતા વ્યક્ત કરી કે તેમના મોબાઇલનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિ માટે થશે તો? ગુજરાત રાજ્ય આતંકવાદીઓના હિટ લીસ્ટમાં છે ત્યારે જો આ મોબાઇલ પકડવામાં આવ્યો હોત તો કદાચ કેટલીક કડીઓ પણ મળી હોત. કારણ કે તેમના કાર્ડ પરથી હૈદ્રાબાદ અને જમ્મુ-કશ્મીર વાત કરવામાં આવેલ! ત્યારે વ્યકિતગત હિત માટે નહીં પણ સમાજના હિત માટે પણ પોલીસ કેમ સક્રિય બનતી નથી. ત્યારબાદ ટૂંકાગાળામાં જ એક ટ્રાફિક પોલીસે એક શિક્ષક પાસે દંડ ભરવાના બદલે લાંચ માંગી. આ બે બનાવોની શિક્ષકના માનસ પર જબરજસ્ત અસર થઇ.

આ બનાવપૂર્વે આ શિક્ષક વર્ગખંડમાં કે સમાજમાં જ્યારે પોલીસની વાત કરતા હતા ત્યારે હંમેશને માટે પોલીસના પક્ષે જ વાત કરતા હતા. આ શિક્ષક હંમેશ કહેતાં કે, પોલીસના કર્મચારીઓ જોખમ લઇને, ટાઢ કે તડકામાં, રાતે કે દિવસે સતત ઊભા રહીને, કુટુંબથી દૂર રહીને પણ પૂરી શિસ્ત સાથે ભૂખ્યા પેટે ફરજ બજાવે છે. જેમને સમાજે પૂરો સહકાર અને માન આપવા જોઇએ. આમ કહેવા માટેનું કારણ એ હતું કે શિક્ષકને પોલીસનો ખરાબ અનુભવ થયો ન હતો અને તેઓ પોલીસ સાથે લાગણીથી વર્તતા હતા. અરે આ જ શિક્ષક ઉનાળામાં ઠંડા પાણીની બોટલ લઇને નીકળતા અને ચાર રસ્તા પર ફરજ બજાવતા પોલીસને પાણી પીવડાવતા. પોતાના વિદ્યાર્થીઓને પોલીસ માટે માન ઉપજે તેવી વાતો કરતા. પણ હવે.....

શિક્ષક વર્ગખંડમાં ભણાવતા હશે ત્યારે ચોક્કસ વિષયવસ્તુનું અનુસંધાન સાધતા હોય છે, ચોક્કસ વિષયવસ્તુ શીખવતી વખતે વિવિધ ઉદાહરણ આપવા પડે છે, મૂલ્યલક્ષી શિક્ષણની વાત કરવી પડે છે, સમાજ-રાજ્યમાં બનતી વિવિધ ઘટનાઓ જણાવવી પડે છે, લોકશાહી શા માટે તે શીખવવું પડે છે, સમાજના વિકાસ માટે નાગરિકની ફરજો બજાવવા વિદ્યાર્થીને પ્રોત્સાહન આપવું પડે છે. આતંકવાદી પ્રવૃત્તિ વખતે નાગરિક અને પોલીસની ભૂમિકાની વાત કરવી પડે છે. આવી અનેક બાબતો વખતે શિક્ષક જેનાથી દાઝેલો છે તેવી બાબતો સૌ પહેલાં તેને યાદ આવશે. જેની રજૂઆત અનાયાશે પણ થઇ જશે. સમાજમાં પોલીસની ભૂમિકા માટે તે નફરત ભરી જ વાતો કરશે. માત્ર વિદ્યાર્થીઓ સામે નહીં તેમના વાલી સાથે, પોતાના કુટુંબમાં, પોતાના મિત્રવર્તુળમાં વગેરે જગ્યાએ. પોલીસે એક શિક્ષકને અન્યાય કર્યો છે, પણ તેની નકારાત્મક અસર અનેક નાગરિકોને થશે. અનેક નાગરિકો પોલીસ માટે નકારાત્મકગ્રંથી બાંધશે. પોલીસની નકારાત્મક છાપને કારણે જ આજે પણ ચાર રસ્તા પર સામાન્ય નાગરિક પોલીસ સાથે ઝગડે છે કે પોલીસના દંડાથી પોલીસને જ ફટકારે છે. એમાં પણ શિક્ષક સાથે પોલીસના અજુગતા વર્તનની અસર માત્ર એક જ વ્યક્તિ પર નહીં અનેક નાગરિકો પર થાય છે તે પોલીસે સમજવાની જરૂર છે. શિક્ષક એટલે સમાજમાં બનતા સારા કે નરસા બનાવોનું પ્રસાર માધ્યમ પણ કહી શકાય. એક શિક્ષકના હાથ નીચે હજારો વિદ્યાર્થીઓ પસાર થાય છે. ત્યારે શિક્ષકની ફિલોસોફીની ખૂબ જ મોટી અસર ભવિષ્યના નાગરિક સમા વિદ્યાર્થી પર થાય છે. માટે જ પોલીસને વિનંતી કરવાની થાય કે, જ્યારે પણ કોઇ શિક્ષક સાથે ચર્ચા કરો ત્યારે ખૂબ જ માનથી વાત કરો, તેમની પાસેથી પૂરો દંડ વસૂલ કરીને પહોંચ આપો, લાંચ તો માંગશો જ નહીં. તેમની ફરિયાદ પ્રત્યે વિશિષ્ટ પ્રયત્નો કરો. પછી જૂઓ પાંચ-દસ વર્ષમાં પોલીસની સમાજમાં કેવી હકારાત્મક છબી ઉપસી આવે છે? આ સમાચારપત્રમાં આ જગ્યાએ જ અતિથિકોલમમાં ગુજરાત રાજ્યના માનનીય ડી.જી.પી. શ્રી ખંડવાવાલા સાહેબે એક પોલીસ ઇન્સ્પેકટરના વિશિષ્ટ વર્તન માટે વખાણ કરેલા. ત્યારે એવા બનાવને પણ શિક્ષકો વર્ગખંડ કે પ્રાર્થનાસભા સુધી લઇ જાય છે. તો ઉપર જણાવેલ જેવા નકારાત્મક બનાવોને પણ વર્ગખંડ કે પ્રાર્થનાસભા સુધી લઇ જ જશે. ત્યારે માનનીય ડી.જી.પી. સાહેબ ઉપરોક્ત બનાવના સંદર્ભે જરૂરી તપાસનો આદેસ કરીને શિક્ષકને ન્યાય અપાવીને સમાજહિતનું કામ કરશે તો તે વાતનો પણ શિક્ષકો પ્રચારપ્રસાર કરશે જ. ટૂંકમાં શિક્ષક સાથે સમાજમાં થતાં હકારાત્મક કે નકારાત્મક વર્તનોની અસર શિક્ષકના વર્ગખંડ શિક્ષણ પર થાય જ છે. જેની મોટી અસર ભવિષ્યના નાગરિકો એવા વિદ્યાર્થી પર પણ થાય છે. માટે જ સમાજના સૌ સભ્યોએ શિક્ષક સાથે એવું વર્તન કરવું જોઇએ કે, શિક્ષક જે તે સમાજના મોં ફાટ વખાણ વિદ્યાર્થીઓ સામે કરે. જેમાંથી વિદ્યાર્થીઓ પ્રેરણા લઇને આદર્શ નાગરિક બને. આજના બાળકોને ભવિષ્યના આદર્શ નાગરિક બનાવવાની જવાબદારી નિભાવવાની શરૂઆત સૌ પ્રથમ સમાજે કરવાની છે. જેનો બમણો પ્રત્યાઘાત શિક્ષકો આપશે જ.